BUSINESS मित्र Plus

એઆઈ પાછળ વિશ્વ પાગલ બન્યું, પાંચ વર્ષમાં 335 અબજ ડોલરનું રોકાણ થયું

છેલ્લા કેટલાક વર્ષોથી સમગ્ર વિશ્વ આર્ટિફિશયલ ઇન્ટેલિજન્સની પાછળ દોડી રહ્યું છે, જેમાં અમેરિકા અને ચીનની કંપનીઓ-સ્ટાર્ટઅપ્સ દ્વારા મોટા પાયે રોકાણ થયું અને હજુય ચાલતુ રહેશે. ભારતની વાત કરીએ તો એઆઇ તરફ આગેકૂચ કરી રહ્યા છે અને ભારતમાં પણ રોકાણ વધી રહ્યું છે. એટલું જ નહીં, ભારતની દિગ્ગજ આઇટી કંપનીઓએ પણ વિશ્વની જાણીતી એઆઇ કંપનીઓ સાથે હાથ મિલાવવા લાગ્યા છે. જેનાથી ભારતમાં એઆઇ સેકટરમાં રોકાણ વધતું જશે.

વૈશ્વિક રોકાણ પાંચ વર્ષમાં લગભગ 480 ટકા વધ્યું છે. અમેરિકા-ચીન વચ્ચે ફાસ્ટ ઇમર્જિંગ પ્લેયરમાં પણ રોકાણ વધી રહ્યું છે. આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ છેલ્લા પાંચ વર્ષમાં વૈશ્વિક અર્થતંત્રનું સૌથી ઝડપથી

એઆઈ રોકાણ હવે માત્ર તકનીકી સ્પર્ધા નથી, પરંતુ તે આર્થિક અને વ્યૂહાત્મક શક્તિનું સૂચક પણ બની ગયું

વિકસતું ક્ષેત્ર બની ગયું છે. 2020થી 2024ની વચ્ચે, તેમાં ખાનગી અને સરકારી રોકાણ લગભગ 480 ટકા વધીને 335 અબજ ડોલર સુધી પહોંચ્યું છે. અમેરિકા અને ચીન સૌથી મોટા રોકાણકારો બન્યા છે, જ્યારે ભારત, બ્રિટન, જર્મની અને ફ્રાંસ ઝડપથી તેમની હાજરી અનુભવી રહ્યા છે.

છેલ્લા પાંચ વર્ષમાં આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ વૈશ્વિક અર્થતંત્રના સૌથી

ઝડપથી વિકસતા ક્ષેત્ર તરીકે ઉભરી આવ્યું છે. સ્ટેનફોર્ડ યુનિવર્સિટીના એઆઇ ઇન્ડેક્સ રિપોર્ટ 2025 અને સીબી ઇનસાઇટ્સના નવીનતમ ડેટા અનુસાર, એઆઇમાં વૈશ્વિક ખાનગી અને સરકારી રોકાણ 2020 અને 2024ની વચ્ચે લગભગ 480 ટકા વધીને 335 અબજ ડોલર થયું છે. આ સમયગાળા દરમિયાન, યુએસ અને ચીન સૌથી મોટા રોકાણકારો રહ્યા છે, જ્યારે ભારત, યુકે, જર્મની અને ફ્રાન્સ જેવા દેશો ઝડપથી તેમની હાજરીને મજબૂત કરી રહ્યા છે.

સ્ટેનફોર્ડ એઆઈ ઇન્ડેક્સ અનુસાર, 2020 માં વૈશ્વિક એઆઇ રોકાણ લગભગ 58 અબજ ડોલર હતું, જે 2024 ના અંત સુધીમાં વધીને લગભગ 335 અબજ ડોલર થઈ ગયું છે. આમાં પ્રાઇવેટ ઇક્વિટી, વેન્ચર કેપિટલ, કોર્પોરેટ R|D અને સરકારી ભંડોળનો સમાવેશ થાય છે. રોકાણની ગતિ અચાનક ઝડપી બની, ખાસ કરીને 2023 અને 2024માં જનરેટિવ એઆઇના ઉદય પછી, જ્યારે ઓપનએઆઇ, એન્થ્રોપિક, ગુગલ ડીપમાઇન્ડ અને માઇક્રોસોફ્ટ જેવી કંપનીઓમાં અબજો ડોલર રેડવામાં આવ્યા હતા.

સીબી ઇનસાઇટસ અને પિચબુક અનુસાર એકલા 2024માં જનરેટિવ

કરન્ટ-ટોપિક

એઆઇ સ્ટાર્ટઅપ્સને વૈશ્વિક સ્તરે 70 બિલિયન ડોલરથી વધુ ભંડોળ મળ્યું છે, જે 2020માં કુલ એઆઇ ભંડોળ કરતાં વધુ છે.

રિપોર્ટ અનુસાર, કુલ વૈશ્વિક એઆઇ રોકાણના લગભગ 55 ટકા યુએસમાં ગયા હતા. માઇક્રોસોફ્ટ, ગુગલ, એમેઝોન અને એનવીડિયા જેવી કંપનીઓ દ્વારા ભારે આર એન્ડ ડી ખર્ચથી યુએસની ધાર વધુ મજબૂત થઇ છે. ચીન લગભગ 20 ટકા હિસ્સો સાથે બીજા સ્થાને છે. ભારત રોકાણ માટે ત્રીજા સૌથી ઝડપથી વિકસતા બજાર તરીકે ઉભરી આવ્યું છે. યુએનસીટીએડી અને પિચબુક અનુસાર, 2020 અને 2024 ની વચ્ચે ભારતમાં એઆઈ રોકાણમાં 600 ટકાનો વધારો થયો છે, જોકે કુલ રકમ હજી પણ યુએસ અને ચીન કરતા ઘણી ઓછી છે.

જનરેટિવ એઆઇરોકાણનું સૌથી મોટું ચાલક બની જાય છે સ્ટેનફોર્ડ એઆઇ ઇન્ડેક્સ 2025 મુજબ, કુલ નવા રોકાણના લગભગ 40 ટકા જનરેટિવ એઆઇ સંબંધિત કંપનીઓને ગયા છે. ચેટબોટ્સ, ઇમેજ અને વિડિઓ જનરેશન, હેલ્થકેર એઆઇ અને ઓટોમેશન ટૂલ્સે રોકાણકારોનું સૌથી વધુ ધ્યાન આકર્ષિત કર્યું. ઓપનએઆઇ અને એમેઝોન-ગુગલની ક્લાઉડ-આધારિત એઆઇ વ્યૂહરચનાઓમાં માઇક્રોસોફ્ટનું 13 બિલિયન ડોલરથી વધુનું રોકાણ આ વલણના શ્રેષ્ઠ ઉદાહરણો છે.

યુએનસીટીએડીના અહેવાલ અનુસાર, એઆઈ રોકાણ હવે માત્ર તકનીકી સ્પર્ધા નથી, પરંતુ તે આર્થિક અને વ્યૂહાત્મક શક્તિનું સૂચક પણ બની ગયું છે. અમેરિકા અને ચીન તેને ભવિષ્યની ઉત્પાદકતા, લશ્કરી ક્ષમતા અને વૈશ્વિક પ્રભાવ માટેના સાધન તરીકે જોઈ રહ્યા છે, જ્યારે ભારત અને યુરોપ તેને ડિજિટલ અર્થતંત્ર અને રોજગાર સર્જનના સાધન તરીકે આગળ ધપાવી રહ્યા છે. નિષ્ણાતોનું માનવું છે કે જો વર્તમાન ગતિ ચાલુ રહેશે તો 2030 સુધીમાં વૈશ્વિક એઆઇ બજારનું કદ એક ટ્રિલિયન ડોલરની નજીક પહોંચી શકે છે.

ઇન્ડેક્સની ઉંચાઇથી છેતરાઇને નવું રોકાણ કરવું નહીં, હજુય બજાર ડહોળાશે

અમેરિકાની સુપ્રીમ કોર્ટે તાજેતરમાં ટ્રમ્પના વૈશ્વિક ટેરિફ ઓર્ડર રદ કર્યા, કારણ કે તેમણે પોતાના અધિકારથી વધારે પગલાં લીધા હતા. આથી ભારત જેવા વેપાર સાથીઓને થોડું રાહત મળ્યું, કારણ કે 2025માં લાગેલા ટેરિફથી ભારતીય નિકાસ પર 50 ટકા સુધીના ડ્યુટી લગાડી હતી, પણ આ નિર્ણય સામે ટ્રમ્પે ફરીથી 10 ટકા વૈશ્વિક ટેરિફ જાહેર કર્યુ હતું, જે છેલ્લે તેમાં પણ વધુ 5 ટકા એટલે કે 15 ટકા કરી દીધું હતું. જોકે, ટ્રમ્પે ભારત માટે સ્પષ્ટતા કરતા કહ્યું કે, તેઓ ભારત સાથેની ટ્રેડ ડીલને પુરી કરશે. જેથી હજુય સમજાતું નથી કે આ ટ્રેડ ડીલની સ્થિતિ શું છે, 10 ટકા, 15 ટકા, 18 ટકા કે પછી 50 ટકા રહેશે.

સુપ્રીમ કોર્ટના ચુકાદાથી અમેરિકા સહિત વૈશ્વિક બજારોમાં જબરજસ્ત ઉછાળો આવ્યો હતો, પરંતુ ભારતીય બજારો રજા હોવાથી તેની અસર જોવાઇ નહતી, પણ ગિફ્ટ નિફ્ટી 300 પોઇન્ટ

ઈરાન-અમેરિકાના યુદ્ધની સંભાવનાથી ક્રુડના ભાવ ઉછળતા ભારતીય શેરબજારમાં અસ્થિરતા વધશે

ઉછળી હતી. જોકે, ટ્રમ્પના પગલાં પર ભરોસો રાખી શકાય તેમ નથી અને ટ્રમ્પે સુપ્રીમ કોર્ટના ચૂકાદા બાદ પણ કહ્યું કે ઇન્ડિયા ડીલ ઇઝ ઓન, તેનાથી ફરીથી અનિશ્ચિતતાના વાદળો ઘેરાયેલા જોવા મળ્યા છે. જેથી વૈશ્વિક બજારોની પાછળ જો સોમવારે બજાર ઉછળે તો તેનાથી છેતરાઇને રોકાણ કરવું નહીં, પણ રાહ જુઓની નીતિ અપનાવી, નહીંતર રોકાણના ગલગોટિયા થઇ જવાની

નવા પડકાર સાથે ટેકનોલોજીકલ પરિવર્તન કાળમાંથી પસાર થઇ રહ્યું હોઇ વિશ્વભરના ઉદ્યોગો ટેરિફ બાદ સૌથી વધુ મોટો પડકાર એઆઇના સ્વરૂપે જોઇ રહ્યા છે. ટેકનોલોજીકલ ક્રાંતિના આ સમયકાળમાં ટેકનોલોજી જ ટેકનોલોજીને આઉટડેટેડ બનાવી દઇને અત્યાર સુધી સોફ્ટવેર સર્વિસીસ-આઇટી ક્ષેત્રે થયેલા જંગી મુડીરોકાણને શુન્ય કરી દે એવું પરિવર્તન જોવાઇ રહ્યું છે. તાજેતરમાં ભારતમાં યાજાયેલી એઆઇ ઇમ્પેક્ટ સમિટમાં મોદીએ વિશ્વને કપરાકાળ કે પડકારના દિવસોમાં સુર્યનું નવું કિરણ ઉદભવી રહ્યું હોવાની દિશા બતાવી છે, અને ભારત બદલાઇ રહ્યું છે અને નવી દિશામાં પ્રગતિ કરવા તૈયાર છે.

સુપ્રીમ કોર્ટના ચૂકાદા બાદ વૈશ્વિક બજારોમાં ભારે ઉછાળો આવ્યો હતો.

માર્કેટ વોચ

અમેરિકાના તમામ ઇન્ડેક્સ એક ટકાથી વધુ ઉછળ્યા હતા, અન્ય વૈશ્વિક બજારોમાં પણ તેજી જોવા મળી હતી, પણ ભારતીય બજારો બંધ રહ્યા હતા. ગિફ્ટ નિફ્ટી 300 પોઇન્ટથી વધુ ઉછળી હતી, જેથી સોમવારે ગેપ અપ ઓપનીંગ થવાની પુરેપેરી સંભાવના જોવાઇ રહી છે. જો આ તેજીથી રોકાણકારો છેતરાઇ જવું નહીં. જાણકાર સુત્રોના અહેવાલો મુજબ ટ્રમ્પને ભીંસમાં લેવા અમેરિકાના ઉદ્યોગપતિઓ અને વિપક્ષ કમરકસી ટ્રમ્પને નીચા જોવડાવા માટેના પ્રયાસ કર્યા છે. પરંતુ ટ્રમ્પ નમતું જોખવાને બદલે વધુ આક્રમક બની વિશ્વના વેપાર ફલક પર વધુ અનિશ્ચિતતા સર્જવા મક્કમ રહેશે, જેથી વિશ્વભરમાં ટેરિફ મામલે વધુ ગુંચવાડો સર્જાતા અને ટેરિફની સાથે અમેરિકા અને ઇરાન વચ્ચે યુદ્ધની સંભાવના વધતી જાય છે. આમ, ટેરિફ વિવાદની સાથે સાથે જીઓ પોલીટીકલ ટેન્શન પણ ચાલી રહ્યું છે, જેથી સાવચેતી રાખવી ખુબ જ જરૂરી છે. ઇરાન અને અમેરિકા વચ્ચે છમકલું પણ થાય તો બજારમાં ભારે ઉથલપાથલ થઇ શકે છે.

ખાસ કરીને ક્રુડના ભાવોમાં ભારે ઉછાળો આવી શકે છે. જે ભારત માટે સૌથી ગંભીર બાબત બની જશે. જો ક્રુડ ઓઇલના ભાવ ઉછળશે તો ભારતીય શેરબજારમાં ભારે અફરાતફરી મચી જશે. આમ, હાલમાં ભારતીય શેરબજારમાં માહોલ સ્થિર દેખાતો નથી, અને વધઘટે ઘટાડા તરફી માહોલ રહી શકે છે, જેથી ઉપલા સ્તરે વેચનારા રોકાણકારોને લાભદાયી થઇ શકે છે.

ગુજરાતનું બજેટ: ટેક્સટાઈલ અને MSME ઉદ્યોગો માટે કેટલું લાભકારી નીવડશે?

ગુજરાત સરકારના નાણાંમંત્રી કનુભાઈ દેસાઇએ વિતેલા સપ્તાહે રજૂ કરેલા નાણાકીય વર્ષ 2026/27 ના બજેટને લીધે સુરત સહિત દક્ષિણ ગુજરાતના ઉદ્યોગ જગત દ્વારા મિશ્ર પ્રતિસાદ આપવામાં આવ્યો છે.જેમ એન્ડ જ્વેલરી સેક્ટરના નિષ્ણાતો કહે છે કે,આ બજેટમાં સુરતના હીરા ઉદ્યોગ માટે કોઈ ખાસ જોગવાઈ કરવામાં આવી નથી.સમગ્ર બજેટનો એક ભાગ ટેક્સટાઈલ,જરી જેવા પરંપરાગત ઉદ્યોગ,MSME ઉદ્યોગો, જીઆઇડીસીના ઈન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલપમેન્ટ માટે સીધી જોગવાઈ કરવામાં આવી છે.એકંદરે આ બજેટને વ્યાપાર અને ઉદ્યોગલક્ષી ગણાવી તેને આવકારવામાં આવ્યું છે. બજેટમાં રાજ્યના ઉદ્યોગો, નિકાસ અને ખાસ કરીને ટેક્સટાઈલ ક્ષેત્રના વિકાસ માટે લેવામાં આવેલા પગલાંઓને ચેમ્બરે સકારાત્મક અને દીર્ઘદૃષ્ટિવાળા ગણાવવામાં આવ્યા છે. નાણામંત્રી કનુભાઈ દેસાઈ દક્ષિણ ગુજરાતમાંથી પ્રતિનિધિત્વ કરતા હોવાથી આ બજેટમાં સુરત અને દક્ષિણ ગુજરાતની કેટલીક માંગણીઓ સ્વીકારવામાં આવી હતી.

ટેક્સટાઇલ એકમોનાં પ્રોત્સાહન અર્થે રૂપિયા 2755 કરોડની જોગવાઇ,આત્મનિર્ભર ગુજરાત સ્કીમ ફોર આસિસ્ટન્સ ટુ MSME માટે 1775 કરોડ રૂપિયાની જોગવાઇ,સુરતના જરી,વિવિંગ ઉદ્યોગ,એમ્બ્રોઇડરી સહિતના નાના ઉદ્યોગો માટે લાભદાયી નીવડશે.

1000 કરોડ સુરત ઇકોનોમિક રિજનને ફાળવાશે તો સુરત સહિત સમગ્ર દક્ષિણ ગુજરાત વિસ્તારમાં ઔદ્યોગિક, ઇન્ફ્રાસ્ટ્રક્ચર અને રોજગારી વિકાસને નોંધપાત્ર વેગ મળશે.સુરતમાં કેન્દ્રીય બજેટમાં સેન્ટરની જાહેરાત પછી સેન્ટર ઓફ એક્સલન્સ સ્થાપવા,ફેલિસિટેશન સેન્ટર સ્થાપવાની કેન્દ્રની જાહેરાત પછી હવે ગુજરાત સ્ટેટ એક્ષ્પોર્ટ પ્રમોશન કાઉન્સીલ સ્થાપવા સુરતમાં થશે. રાજ્યને વિકાસના નવા ધોરણે આગળ વધારવા છ ઇકોનોમિક રિજનની રચના કરવાની જાહેરાત કરવામાં આવી છે, જેમાં સુરત ઇકોનોમિક રિજનનો સમાવેશ થાય છે.ચાર રિજનલ સેન્ટરો ખાતે આઇ-હબના વિકાસ માટે ચાર રિજનલ સેન્ટરોમાં સુરતનો સમાવેશ કરવામાં આવ્યો છે.સુરતમાં મલ્ટી-સ્પેશ્યાલિટી હોસ્પિટલ સ્થાપવાની જાહેરાત કરવામાં આવી છે.રાજ્યના બે મુખ્ય આર્થિક કેન્દ્રો અમદાવાદ અને સુરતને સેટેલાઇટ ટાઉન્સ સાથે જોડતી રિજનલ રેપિડ ટ્રાન્ઝિટ સિસ્ટમ (RRTS) સ્થાપવાની મહત્વપૂર્ણ જાહેરાત કરાઇ છે.25 GIDCને સ્માર્ટ બનાવવા માટે 1,250 કરોડ અને 120 મિની GIDCના અપગ્રેડેશન માટે 50 કરોડની જોગવાઇનો લાભ સુરતની મળશે આ યોજના અંતર્ગત સુરતની આજુબાજુની GIDC માં જો CETP નું આયોજન કરવામાં મદદ મળશે."વન ડિસ્ટ્રિક્ટ વન પ્રોજેક્ટ" ના મથાળા હેઠળ 90 પ્રોડક્ટને આવરી લેતાં સુરતના જરી ઉદ્યોગ,જરી જરદોશી વર્કને લાભ મળી શકે. સુરતમાં જૂના ટેક્સટાઇલ યુનિટમા નવા વોટરજેટ મશીનનું ઇન્સ્ટોલેશન શક્ય બનશે.એ ઉપરાંત પોરબંદર, ભાવનગર, સુરત, વડોદરા અને અંકલેશ્વર ખાતેનાં હયાત એરપોર્ટના વિસ્તરણ માટે 95 કરોડની જોગવાઇ કરવામાં આવી છે. નાના શહેરો/આંતરિક વિસ્તારોને મોટા શહેરો અને મહત્વના વિસ્તારો સાથે હવાઇ માર્ગે જોડવાના ધ્યેય સાથે વાયેબીલીટી ગેપ ફંડિંગ (VGF) યોજના હેઠળ 78 કરોડની જોગવાઇનો લાભ સુરતને મળશે.

સુરત ઈકોનોમિક રિજનને અનુદાન મળે તો સુરત સહિત સમગ્ર દક્ષિણ ગુજરાત વિસ્તારમાં ઔદ્યોગિક, ઈન્ફ્રાસ્ટ્રકચર,રોજગારી અને વિકાસને નોંધપાત્ર વેગ મળે

ફીઆસવીના નવનિયુક્ત વાઇસ ચેરમેન અને SGCCI ના માજી પ્રમુખ હિમાંશુ બોડાવાલા એ જણાવ્યું હતું કે,ગુજરાત સરકારનું વર્ષ 2026 નું બજેટ સુરતના ટેક્સટાઇલ ઉદ્યોગ માટે સનરાઇઝ બજેટ છે.આ બજેટથી સુરતનો ટેક્સટાઇલ ઉદ્યોગ ઘણી ઊંચાઇઓ સર્કસે અને લોકલ થી ગ્લોબલ જવા માટે ઘણું સહાયભૂત રહેશે.ટેક્સટાઇલ એકમોનાં પ્રોત્સાહન અર્થે ૨૭૫૫ કરોડની જોગવાઇથી લોકલથી ગ્લોબલ તરફ જઈ રહેલા ઉદ્યોગને લાભ થશે.સુરતની ડાઇંગ પ્રોસેસિંગ મિલોના અપગ્રેડેશન ને વેગ મળશે.

- આ સહાય સુરતની ગારમેન્ટ ઇન્ડસ્ટ્રી ને એક નવી ઊંચાઇ આપશે અને આવનારા વર્ષોમાં સુરતની ગારમેન્ટ ઇન્ડસ્ટ્રી હરણફાળ ભરીને બાંગ્લાદેશને પાછળ પાડી દેશે.આત્મનિર્ભર ગુજરાત સ્કીમ ફોર આસિસ્ટન્સ ટુ MSME માટે ૧૭૭૫ કરોડની જોગવાઇથી દક્ષિણ ગુજરાતના ગામડાઓમાં ગારમેન્ટિંગ માટે વોકેશનલ ટ્રેનિંગ સેન્ટર શરૂ કરે

તો મહિલા રોજગારને પણ પ્રોત્સાહન મળશે અને ગારમેન્ટિંગ માટે મહિલા ઓનો વર્ક ફોર્સની સમસ્યાનું સમાધાન આવશે અને ગામડાઓનો વિકાસ નોન પોલ્યુટિંગ ગારમેન્ટિંગ ઇન્ડસ્ટ્રી દ્વારા થશે. 25 GIDCને સ્માર્ટ બનાવવા માટે 1,250 કરોડ અને 120 મિની GIDCના અપગ્રેડેશન માટે 50 કરોડની જોગવાઇનો લાભ સુરત એ લેવો જોઇએ.આ યોજના અંતર્ગત સુરતની આજુબાજુની GIDC માં જો CETP નું આયોજન કરવામાં આવે તો જૂના ટેક્સટાઇલ યુનિટમા નવા વોટરજેટ મશીનનું ઇન્સ્ટોલેશન શક્ય બનશે.

કોન્ફેડ્રેશન ઓફ ગુજરાત ટ્રેડર્સ CAIT ના ચેરમેન પ્રમોદ ભગતે જણાવ્યું હતું કે,"બજેટમાં ટેક્સટાઇલ અને નાના ઉદ્યોગો પર ફોકસ છે.ગુજરાતનાં નાણા મંત્રી એ 2026-27 નું રજૂ કરેલું બજેટ ગુજરાત વિકાસનું નવું સ્વરૂપ આપશે. ટેક્સટાઇલ એકમોના પ્રોત્સાહન અર્થે 2755 કરોડની જોગવાઇ આવકારદાયક છે.આત્મનિર્ભર ગુજરાત સ્કીમ ફોર આસિસ્ટન્સ ટુ MSME માટે 1775 કરોડ રૂપિયાની જોગવાઇ ઘણી ઓછી છે.સુરત સહિત દક્ષિણ ગુજરાતના નાના ઉદ્યોગો એનો લાભ લઇ શકે છે.અમારી જીએસટીની આવકમાં 12.5% નો વધારો થયો છતાં વ્યવસાય વેરો નાબૂદ કરવાની અમારી માગણી સ્વીકારવામા આવી નથી. ચેમ્બરના ખજાનચી સીએ. મિતીષ મોદીનું કેહવુ છે કે,"કેન્દ્ર સરકાર દ્વારા "સીટી ઇકોનોમિક રીજીયન" (CER) યોજના હેઠળ અર્બન વિસ્તારોનો વિકાસ સાધવા હવે પછીનાં પાંચ વર્ષો માટે આયોજન કરવામાં આવ્યું છે. તેને ધ્યાનમાં રાખી આવી જ "ઇકોનોમિક માસ્ટર પ્લાન" ની યોજના રાજ્ય સરકારે આજના બજેટમાં રજુ કરી છે. રાજ્ય સરકારના "ઇકોનોમિક માસ્ટર પ્લાન" ના અમલીકરણથી રાજ્યમાં દક્ષિણ ગુજરાત, ઉત્તર ગુજરાત, સૌરાષ્ટ્ર, દરિયા કાંઠાના વિસ્તારો અને કચ્છ એમ છ ક્ષેત્રોમાં આર્થિક પ્રવૃત્તિઓ, રોજગાર સર્જન અને મૂડી રોકાણને પ્રોત્સાહન મળશે. દક્ષિણ ગુજરાતમાં

બિઝનેસ વ્યૂ

ઔદ્યોગિક એકમોને સીધોજ લાભ થશે અને વૈશ્વિક સ્તરે પોતાનો ઔદ્યોગિક વિકાસ સાધી શકશે. આ પેટે રૂ. ૨૦૦૦/- કરોડની ફાળવણી એ એક આવકારદાયક પગલું છે. "વન ડિસ્ટ્રિક્ટ વન પ્રોજેક્ટ" ના મથાળા હેઠળ ૯૦ પ્રોડક્ટને આવરી લેતાં ધંધા-ઉદ્યોગકારોને પોતાની પ્રોડક્ટ બ્રાન્ડીંગ કરવાનું વિશાળ બજાર પ્રાપ્ત થશે.ગુજરાત રાજ્યમાં હાલ ૧૬૦૦૦ જેટલા સ્ટાર્ટઅપ નોંધાયેલા છે. ટેક્નોલોજી સાથે કદમ મિલાવવાના હેતુથી I-HUB ને રીજીયોનલ સ્તરે લઇ જવાની રજુઆતથી સુરતને વિકાસનો ઉંચો દરજ્જો હાંસિલ કરવાની ઉમદા તક ઉભી થઇ છે. જ્યારે આર્ટિફિશ્યલ ઇન્ટેલીજન્સ (એઆઇ) ની દિશામાં દેશ આગળ વધી રહ્યું છે ત્યારે ગ્લોબલ ડેવલપમેન્ટ કરવા નવા સાહસિકોને માટે I-HUB માટે રૂ. ૧૨૧ કરોડની ફાળવણી કરવાની સરકારની પહેલ યુવાધનને પ્રોત્સાહન પૂરું પાડશે.નાની 120 જેટલી GIDCનું નવીનીકરણ અને 25 જેટલી Smart GIDC નું સર્જન કરવાનું આયોજન ટેક્ષટાઇલ અને અન્ય સંલગ્ન ઉદ્યોગોને નવું બળ પૂરું પડશે.ગુજરાત એક્ષ્પોર્ટ પ્રમોશન કાઉન્સીલની સ્થાપના કરવાની દરખાસ્ત ગુજરાત સરકારનું ક્રાંતિકારી પગલું સાબિત થનાર છે. ઈઝ ઓફ ડુઇંગ બીઝનેશને સાચા અર્થમાં સાકાર કરવાની દિશામાં ખુબ જ આવકારદાયક પગલું છે.

વિવિંગ ઉદ્યોગના અગ્રણી વિજય મેવાવાલાનું કેહવુ છે કે,નવીનતા અને સ્ટાર્ટઅપ ઇકોસિસ્ટમને પ્રોત્સાહન આપવા અમદાવાદ તથા ચાર રિજનલ સેન્ટરો ખાતે આઇ-હબના વિકાસ માટે રૂપિયા 80 કરોડની ફાળવણી કરવામાં આવી છે, જેમાં સુરતનો પણ સમાવેશ થાય છે. આ પગલાથી સુરતમાં ટેક્નોલોજી આધારિત ઉદ્યોગો અને સ્ટાર્ટઅપ પ્રવૃત્તિઓને પ્રોત્સાહન મળશે.

રાજ્યના બે મુખ્ય આર્થિક કેન્દ્રો અમદાવાદ અને સુરતને સેટેલાઇટ ટાઉન્સ સાથે જોડતી રિજનલ રેપિડ ટ્રાન્ઝિટ સિસ્ટમ (RRTS) સ્થાપવાની મહત્વપૂર્ણ જાહેરાત કરવામાં આવી છે. આ પ્રોજેક્ટથી મુસાફરી વધુ ઝડપી અને સુલભ બનશે, ઔદ્યોગિક વિસ્તારો વચ્ચેનો સંપર્ક મજબૂત થશે અને શહેરી વિકાસને નવી ગતિ મળશે.ચેમ્બરના પ્રમુખ નિખિલ મદ્રાસીનું કેહવુ છે કે,એ જણાવ્યું હતું કે, "બજેટમાં ટેક્સટાઇલ સ્કીમ હેઠળ ગયા વર્ષે ફાળવવામાં આવેલા રૂપિયા 2000 કરોડની સામે આ વર્ષે રૂપિયા 2,775 કરોડની ફાળવણી કરવામાં આવી છે, આથી ટેક્ષ્ટાઇલ ઉદ્યોગના વ્યાપક વિકાસ માટે આ જાહેરાત મહત્વપૂર્ણ છે. તેમણે ઉમેર્યું હતું કે, દેશમાં ટેક્સટાઇલના સૌથી વધુ એકમો સુરતમાં છે અને અહીં ફાઇબરથી લઇને ફિનિશ્ડ ફેબ્રિક સુધીની સંપૂર્ણ વેલ્યુ ચેઇન ઉપલબ્ધ હોવાથી સુરતને દેશનું અગ્રણી ટેક્સટાઇલ હબ ગણવામાં આવે છે. ટેક્સટાઇલ સ્કીમ હેઠળ કરાયેલી જાહેરાતોનો સૌથી વધુ સીધો લાભ સુરતના ઉદ્યોગોને મળશે. આધુનિક મશીનરી, ટેક્નોલોજી અપગ્રેડેશન, ઉત્પાદન ક્ષમતામાં વધારો અને નિકાસ વૃદ્ધિ માટે સરકારના પગલાં સુરતના ટેક્સટાઇલ ઉદ્યોગને નવી ગતિ આપશે.રાજ્ય સરકારે ગુજરાત સ્ટેટ એક્ષ્પોર્ટ પ્રમોશન કાઉન્સીલ સ્થાપવાની જાહેરાત કરી છે, જે રાજ્યના નિકાસકારો માટે મહત્વપૂર્ણ સાબિત થશે. આ કાઉન્સીલ દ્વારા નિકાસકારોને તાલીમ, માર્કેટ ઇન્ટેલિજન્સ, આંતરરાષ્ટ્રીય બજારો અંગે માર્ગદર્શન, નીતિ સહાય અને બ્રાન્ડિંગ સપોર્ટ મળશે. સાથે જ વૈશ્વિક વેપારની બદલાતી પરિસ્થિતિઓમાં ગુજરાતના ઉત્પાદકો અને નિકાસકારોને સ્પર્ધાત્મક બનવામાં મદદ મળશે.

એકાઉન્ટ એગ્રીગેટર 2.0 : ભારત જે વળાંકની રાહ જોઈ રહ્યું હતું તે આવી ગયો

આપણે પહેલા પણ લોકોને એવું કહેતા સાંભળ્યા છે કે ડેટા એ નવું ઇંધણ છે, પરંતુ આજના ડિજિટલ વિશ્વમાં, તે નાણાકીય ઇકોસિસ્ટમના મૂળમાં છે. જ્યારે પણ આપણે બેંક વ્યવહાર કરીએ છીએ, મ્યુચ્યુઅલ ફંડમાં રોકાણ કરીએ છીએ, વીમો ખરીદીએ છીએ અથવા લોન માટે અરજી કરીએ છીએ, ત્યારે આપણે નાણાકીય ડેટા ટ્રેલ બનાવીએ છીએ. આ ડેટા સંસ્થાઓને વર્તનનું વિશ્લેષણ કરવામાં અને ઝડપી સેવાઓ, વ્યક્તિગત ઉત્પાદનો અને ઝડપી ક્રેડિટ નિર્ણયો પ્રદાન કરવામાં મદદ કરશે. જોકે, પડકાર એ છે કે આપણો ડેટા વિવિધ સંસ્થાઓમાં, સિલોસમાં રહે છે. એક બેંક પાસે આપણો બચત ડેટા હોય છે. બીજા પ્લેટફોર્મ પાસે આપણા રોકાણો હોય છે. વીમાદાતા પાસે આપણી વીમા પોલિસીની વિગતો હોય છે. જ્યારે આપણે કોઈ સેવા માટે અરજી કરીએ છીએ, ત્યારે આપણે ઘણીવાર સ્ટેટમેન્ટ ડાઉનલોડ કરવા પડે છે અને PDF અપલોડ કરવા પડે છે. તે ધીમું, કંટાળાજનક અને અસુવિધાજનક છે.

બેન્કીંગ-બઝ

એકાઉન્ટ એગ્રીગેટર ફ્રેમવર્ક કેવી રીતે કાર્ય કરે છે

આ તે જગ્યા છે જ્યાં એકાઉન્ટ એગ્રીગેટર (AA) ફ્રેમવર્ક પ્રવેશ કરે છે અને ફરક લાવે છે. 2016 માં ભારતીય રિઝર્વ બેંક (RBI) દ્વારા રજૂ કરાયેલ, એકાઉન્ટ એગ્રીગેટર ફ્રેમવર્ક નાણાકીય ડેટા શેર કરવા માટે સંમતિ-આધારિત સિસ્ટમ છે. તે નિયમનકારી નાણાકીય સંસ્થાઓ વચ્ચે નાણાકીય માહિતીની સુરક્ષિત, વાસ્તવિક સમયની વહેંચણીને મંજૂરી આપે છે. સૌથી મહત્વપૂર્ણ વિશેષતા એ છે કે ડેટા વ્યક્તિ પાસે છે, ડેટા પ્રદાતા પાસે નહીં. વ્યક્તિ નક્કી કરે છે કે ડેટા કોણ, કયા હેતુ માટે અને કેટલા સમય માટે ઍક્સેસ કરી શકે છે. સંમતિ સ્પષ્ટ, ચોક્કસ છે અને કોઈપણ સમયે પાછી ખેંચી શકાય છે. આ સિસ્ટમમાં, ડેટા બેંક, મ્યુચ્યુઅલ ફંડ હાઉસ, વીમાદાતા અથવા પેન્શન ફંડ જેવા નાણાકીય માહિતી પ્રદાતા (FIP) માંથી નાણાકીય માહિતી વપરાશકર્તા (FIU) માં સ્થાનાંતરિત થાય છે, જે સામાન્ય રીતે ધિરાણકર્તા અથવા નાણાકીય સેવા પ્રદાતા હોય છે. આ પ્રક્રિયામાં, એકાઉન્ટ એગ્રીગેટર એક નિયમનકારી મધ્યસ્થી તરીકે કાર્ય કરે છે. તે ડેટાને FIU માં સુરક્ષિત રીતે સ્થાનાંતરિત

કરે છે; જો કે, AA પાસે તેમના દ્વારા પ્રસારિત થતા કોઈપણ ડેટાને સંગ્રહિત/જોવાનો અધિકાર નથી. આ ફ્રેમવર્ક ઘણા પ્રકારના નાણાકીય ડેટાને આવરી લે છે, જેમાં બચત અને ચાલુ ખાતા, ફિક્સ્ડ ડિપોઝિટ, GST રેકોર્ડ, મ્યુચ્યુઅલ ફંડ રોકાણો, વીમા પૉલિસી વગેરેનો સમાવેશ થાય છે. આ ડેટા સુરક્ષિત API દ્વારા સંરચિત, મશીન-વાંચી શકાય તેવા ફોર્મેટમાં શેર કરવામાં આવે છે. આ ભૌતિક કાગળકામ અને મેન્યુઅલ દસ્તાવેજ અપલોડની જરૂરિયાતને દૂર કરે છે, ભૂલો અને વિલંબને દૂર કરે છે.

શા માટે આ ક્રેડિટ અને સમાવેશ માટે એક વળાંક છે

આ માળખાના ફાયદા વ્યવહારુ અને દૃશ્યમાન છે કારણ કે આ માળખા નાણાકીય સેવાઓમાં ઝડપી ડિજિટલ પ્રક્રિયાને સક્ષમ બનાવે છે. ધિરાણકર્તાઓ સંમતિથી બેંક સ્ટેટમેન્ટ, GST ફાઇલિંગ અને કેશફ્લો ડેટાને તાત્કાલિક ઍક્સેસ કરી શકે છે.

જે ક્રેડિટ નિર્ણયો ઉધાર લેનારાઓ દ્વારા તેમના બેંક સ્ટેટમેન્ટ શેર કરવા પર આધારિત હતા તે હવે ખૂબ ઝડપથી લઈ શકાય છે. આ ખાસ કરીને પહેલી વાર ઉધાર લેનારાઓ માટે સાચું છે, જેઓ ધિરાણ માટે નવા છે અથવા મર્યાદિત ક્રેડિટ ઇતિહાસ ધરાવે છે, કારણ કે રોકડ પ્રવાહ ડેટા ધિરાણકર્તાઓને તેમની ચુકવણી કરવાની ક્ષમતાનું મૂલ્યાંકન કરવામાં મદદ કરી શકે છે. સૂક્ષ્મ અને નાના સાહસો (MSMEs) માટે, આ ખાસ કરીને મદદરૂપ